વ્યાવસાયિક અને માર્ગદર્શન

# મહિલા અગ્નિશામક (ફાયર ફાઈટર) કૌશલ પ્રશિક્ષણ કાર્યક્રમ

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આર.આર.યુ.) (રાષ્ટ્રીય મહત્વનું સંસ્થાન) જેનો ઉદ્દેશ્ય સમકાલીન ભાવિ સુરક્ષા, અંતરશાખાકીય ક્ષેત્રોમાં સુરક્ષા અને વ્યુહાત્મક શિક્ષણ પ્રદાન કરવું છે. જેના વિવિધ સંકુલો દ્વારા સમય સમય પર સલામતી અને સુરક્ષા ને લગતા કૌશલ પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. આર.આર.યુ. હેઠળના સ્કૂલ ઓફ એપ્લાઇડ સાયન્સિસ, એન્જિનિરિંગ એન્ડ ટેક્નોલોજી (સેસેટ), ઉચ્ચતમ શૈક્ષણિક તાલીમ સાથે ઉદ્યોગ સબંધિત વિવિધ કૌશલ અને વ્યવસાયિક તાલીમ પ્રદાન કરવામાં અગ્રસર થઇ નવયુવાનોને રોજગારી યોગ્ય બનાવી દેશને સમર્પિત કરી ભારતના વિકાસમાં ભાગ આપવા કટિબદ્ધ છે.

12 માર્ચ 2022ના રોજ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આર.આર.યુ. દેશને સમર્પિત કરી. એમના મંત્રમુગ્ધ કરી દેવાય એવા વ્યાખ્યાનમાં એમને દેશના સુરક્ષા અને સલામતી ક્ષેત્રમાં દેશની દીકરીઓનું વધતું યોગદાન બિરદાવ્યું હતું. તેની સાથે સાથે હજી વધારે દેશની દીકરીઓ આ ક્ષેત્રમાં જોડાય એવી તકો ઊભી કરવા ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. આ વાતને ધ્યાનમાં રાખી સેસેટ- આર.આર.યુ.ની દેખરેખમાં એક ઉપયોગી કૌશલ અભ્યાસક્રમ ચાલુ કરવામાં આવ્યો છે.

"ભારતની શૂરવીર મહિલાઓ માટે 6 મહિનાની આવાસીય (રિસીડેન્સિયલ) એન.સી.વી.ટી. સર્ટિફાઈડ અગ્નિશામક (ફાયર ફાઈટર) કૌશલ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત મહિલાઓને અગ્નિશમન (ફાયર ફાઈટિંગ)ના શેત્રે અગ્નિશામક (ફાયર ફાઈટર)ની તાલીમ અને પ્લેસમેન્ટ આપવામાં આવે છે.

**આ અભ્યાસક્રમમાં જોડાતી મહિલાઓને નીચે મુજબના માપદંડો પૂરા પાડવાના હોય છે.**

1. ધોરણ 12 સુધીનો અભ્યાસ (કોઈ પણ પ્રવાહ)
2. ઉમર 18-25 વર્ષ
3. ઊંચાઈ 157 સે.મી. (ન્યુનતમ)
4. પ્રશિક્ષણ પછી ફરજીયાત ઈન્ટર્નશિપ
5. નિયુક્તિ ભારતના જે ભાગ માં મળે ત્યાં કાર્ય કરવાની કટીબદ્ધતા

(આ પ્રશિક્ષણ રંગ અંધત્વ ધરાવતા ઉમેદવારો માટે લાગુ પડતો નથી.)

આ અભ્યાસક્રમ એન.સી.વી.ટી. (નેશનલ કાઉન્સિલ ફોર વૉકેશનલ ટ્રેનિંગ) દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યો છે. તેની સાથે સાથે તાલીમાર્થી આર.આર.યુ. અને આઈ.એફ.એસ.ડી. એમ.એસ.નું પણ સંયુક્ત સર્ટિફિકેટ પ્રદાન કરવામાં આવે છે.

આ પ્રશિક્ષણની તાલીમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર, સેફટી એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્ટડીઝ (આઈ.એફ.એસ.ડી.એમ.એસ.) જ્યાં લાઈવ સિમ્યુલેશન સાથે અત્યાધુનિક ફાયર ટ્રેનિંગ સુવિધા ઉપલબ્ધ છે ત્યાં થશે. આ પ્રશિક્ષણ કેન્દ્ર વાઘોડિયા, વડોદરા ગુજરાતમાં સ્થિત છે. આ કેન્દ્રમાં અત્યાધુનિક ઉપકરણો ઉપર ટ્રેનિંગની સાથે-સાથે તાલીમાર્થીની વ્યક્તિત્વ ક્ષમતાઓ અને પ્રતિનિધિત્વ ક્ષમતાઓ પણ વિકસીત થાય એના ઉપર પણ વિશેષ ધ્યાન અપાય છે. જેથી જયારે કોઈ પણ અભ્યાર્થી લોકસેવામાં પગલાં મૂકે અને કટોકટીની સ્થિતિમાં હોય ત્યારે શીલ ધારણ કરી બહુમૂલ્ય જીવન અને સંસ્થાઓનું રક્ષણ કરી શકે.

કોઈ પણ અભ્યાસક્રમ અને પ્રશિક્ષણ ક્ષેત્રીય તાલીમના અનુભવ વગર ઉપયોગી નથી. આજ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખી પ્રશિક્ષણાર્થીઓને મુકામી સેવા (ઈન્ટર્નશિપ) માં મોકલવામાં આવે છે, જેથી તે લોકો વાસ્તવિક પરિસ્થિતિઓનો અનુભવ લઇ રોજગારી (પ્લેસમેન્ટ) પામી શકે. રોજગારની વાત આવે ત્યારે કયા ઉદ્યોગો અગ્નિશામકો રોજગારી પ્રદાન કરે છે તે પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક છે. આ પ્રશિક્ષણ પૂર્ણ કર્યા પછી પ્રશિક્ષણાર્થીઓ પ્રવેશીય સ્તરના ફાયર ફાઈટર રીતે રિફાઈનરી, ઉડ્ડયન ઉદ્યોગ, ફાયર અને સેફ્ટી ટ્રેનિંગ, વીજળી વિભાગ, કેમિકલ પ્લાન્ટ, સિવિલ ફાયર સર્વિસ, સરકારી વિભાગો, બાંધકામ ક્ષેત્રો, સુરક્ષા ક્ષેત્રો અને અન્ય લાગતા ઉદ્યોગોમાં સંલગ્ન થઇ શકે છે. કોઈ અભ્યર્થી વિદેશમાં નોકરી પામે તો એને અતિ ઉચ્ચસ્તરના પગાર ધોરણ પણ મળે છે. આ અભાસક્રમમાં પેહલા જણાવેલ માપદંડો સિવાય પ્રશિક્ષણમાં જોડાતા પહેલા બે ચરણની ચયન પ્રક્રિયામાંથી પ્રસાર થવું ફરજીયાત છે. તેની વિગત આ પ્રમાણે છે.

**ચરણ-1: (ઑનલાઈન પરીક્ષણ)**

ક. જનરલ એપ્ટિટ્યૂડ ટેસ્ટ સામાન્ય (સામાન્ય ગણિત, સામાન્ય જ્ઞાન, અને ભાષા (અંગ્રેજી, ગુજરાતી /હિન્દી ) અને અન્ય વિષયો.) ખ. વ્યક્તિત્વ પરીક્ષણ

**ચરણ-2: (ઓન-સાઈટ ટેસ્ટ)**

ક. શારીરિક તંદુરસ્તીની પરીક્ષા ખ. મનોવૈજ્ઞાનિક પરીક્ષણો

આ ચરણ પ્રશિક્ષણ સંસ્થાન આઈ.એફ.એસ.ડી.એમ.એસ. ખાતે લેવામાં આવતા હોય છે.

પહેલા આ ચરણોની કસોટી અને પેહલા જણાવેલ માપદંડો ઉપર ખરા ઉતરતા ઉમેદવારોને પ્રશિક્ષણમાં જોડાવા તાલીમાર્થીઓને 6 મહિના માટે પ્રશિક્ષણ સંસ્થામાંજ રહેવાનું હોય છે. આ દરમિયાન એમને પ્રશિક્ષણને લાગતી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. આ સુવિધાઓ જેમ કે ટ્રેનિંગ, ભોજન, યુનિફોર્મ અને રહેઠાણની લાગત ટ્રેનિંગ ફીમાંજ સમાવેશ કરી લેવામાં આવે છે.(કોઈ પણ અલગ નાણાં લેવામાં આવતા નથી.) આની સાથે-સાથે આ ટ્રેનિંગ નો 25% ભાગ આર.આર.યુ. દ્વારા સ્પોન્સર કરવામાં આવે છે.

આ કાર્યક્રમની સંપૂર્ણ માહિતી (School of Applied Sciences, Engineering, and Technology (SASET) - Rashtriya Raksha University (rru.ac.in)) ઉપર ઉપલબ્ધ છે. જે કોઈ બહેનો/મહિલાઓ આ પ્રશિક્ષણમાં રસ ધરાવે છે એ હાલ માં પણ આપેલી વેબસાઈટ ઉપર જઈ રજિસ્ટ્રેશન કરી શકે છે. રક્ષા અને સુરક્ષા ક્ષેત્રે મહિલાઓને સમ્માન અને સમાન અધિકાર અને તક મળે તેની સાથે-સાથે ભારતની છોકરીઓને એક સુવર્ણ કારકિર્દી બનાવા આ પ્રશિક્ષણ કાર્યક્રમ મદદરૂપ નીવડશે.